# પિતૃવંદના

દિલિપ ભટ્ટ

RUDRA
PUBLICATION
...publishing positivity...
25/B, Govt. Society, B/h, Municipal Market. Off. C.G. Road,
Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393 • Mobile : 098259 25947
email : rudrapublication1@gmail.com
www.rudrapublication.com • Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**

# પિતૃવંદના

## દિલિપ ભટ્ટ

Copyright @ Adhia International

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

15th Edition : 25 February, 2014

---

આ પુસ્તક ભેટ આપવા હેતુ બલ્ક ઓર્ડર ઉપર સ્પે. ડિસ્કાઉઇન્ટ આપાવમાં આવશે. આ સાથે ભેટ આપનારના નામ તથા સંદેશા સાથેનું એક પેજ પણ તેમાં પેસ્ટ કરી આપવામાં આવશે.

---

₹ 30/-

: Design & Layout :
Manu Patel
9898390057

: Printing :
Rudra Publication

: Publisher :
Adhia International
Ahmedabad
www.mindtraininginstittute.net



# સપ્રેમ

આ પુસ્તક ...........................ને
સદ્‌ભાવના સહિત સમર્પિત.
આ પુસ્તક આપને અર્પણ કરીને હું
મારા પિતૃશ્રી તરફની મારી
લાગણીઓને વ્યક્ત કરી રહ્યો છું.
આપ પોતે પણ પિતૃપ્રેમ જાળવનારા
એક સ્વજન છો, આશા રાખું છું
આપને પણ આ પુસ્તક ગમશે.
શુભેચ્છા સહ ...................

# લેખકનું નિવેદન

દુનિયામાં બધાને રજાઓ મળતી હોય છે. પણ માતાને આખી જિંદગીમાં એક દિવસની પણ રજા નથી હોતી. ઘણીવાર આપણે માતાનો આભાર માનવાનું પણ ભૂલી જઈએ છીએ. એક એક માતા એક એક યુનિવર્સિટીની ગરજ સારે છે. આપણામાંના ઘણા લોકોને માતાનું દીર્ઘકાળ સુધી સાનિધ્ય મળ્યું છે, તેમને હું પરમ ભાગ્યશાળી માનું છું. આપણી જિંદગી વાસ્તવમાં તો આપણી માતાઓએ આપણને આપેલી એક મહામૂલી ભેટ છે. એનું જેટલું જતન થાય એટલું સારું. આ પુસ્તક એ દિશામાં એક ભાવપૂર્ણ અભિવ્યક્તિ છે. આશા રાખું છું કે મારાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ વાંચકો ભારે હર્ષથી સ્વીકારશે અને હૃદયમાં ઉતારશે.

જ્યારથી ‘મારી વ્હાલી દિકરીને’, ‘મારા વ્હાલા દિકરાને’, ‘મારી વ્હાલી પત્નીને’ અને ‘મારા વ્હાલા વિદ્યાર્થીઓને’ પુસ્તકો વાંચકોના હાથમાં મૂક્યા ત્યારથી વાંચકો તરફી સતત માગણી રહી છે કે મારા પૂજ્ય માતૃશ્રી અને પિતૃશ્રી પ્રત્યે અમે અમારી લાગણી વ્યક્ત કરી શકીએ એવું પુસ્તક અમને આપો. એ માંગણીને ધ્યાનમાં રાખીને ડૉ. અઢિયાએ મને સૂચન કર્યું કે તમે આ બંને વિષય ઉપર પુસ્તકો લખો. તે લાગણીને માન આપીને મેં આ પુસ્તક ‘પિતૃવંદના’ અને ‘માતૃવંદના’ લખ્યું.

ડૉ. જિતેન્દ્ર અઢિયા દ્વારા એક નવા જ પ્રકારનું વૈચારિક પોઝિટિવ આંદોલન ચાલી રહ્યું છે. જ્યારે બધા જ આ જગતને બહારથી ઠીક કરવા નીકળી પડ્યા છે ત્યારથી તેઓએ જિજ્ઞાસવુ લોકોને ભીતરની સમૃદ્દિ આપવાના જાણે કે સપથ લીધા છે. ડૉ. જિતેન્દ્ર અઢિયાએ મારાં પુસ્તકો ભારે ઉત્સાહપૂર્વક વિશ્વભરના ગુજરાતીઓ સુધી પહોંચાડવાનો આગ્રહ રાખ્યો છે તે કોઈ પણ લેખક માટે રાજી થવા જેવું છે.

છેલ્લા થોડાં વર્ષોથી હું તેમના આ યજ્ઞકાર્યમાં સક્રિય રીતે જોડાયો છું. તેમની નિષ્ઠા, નિખાલસતા અને વચનબદ્ધતા સહુને માટે પ્રેરક છે.

dilipbhatt2000@yahoo.com – દિલીપ ભટ્ટ

# શબ્દરથના સારથિ

શ્રી દિલીપ ભટ્ટ છેલ્લાં પચીસેક વર્ષથી અમદાવાદમાં પોતાની વિશિષ્ટ વાક્છટાથી જાણીતા છે. તેઓએ અત્યાર સુધીમાં અનેક જાહેર વ્યાખ્યાનો આપ્યાં છે. મજાની વાત એ છે કે તેઓ વર્ગશિક્ષણ એટલે કે Classroom Teachingના પ્રખર પુરસ્કર્તા છે. આપણી નવી પેઢીના નવોદિત શિક્ષણવિદ હોવા ઉપરાંત તેઓ ઘણા સારા ગદ્યકાર છે. તેમની વાણીમાં જે મોહિની છે તેનો આપણામાંના ઘણાને અનુભવ છે. વ્યક્તિગત જીવનમાં તેઓ લેખક, પત્રકાર અને માધ્યમિક શિક્ષક તથા ઉચ્ચ શિક્ષણમાં ઇન્ટરનેટ જર્નાલિઝમના અધ્યાપક છે. તેઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીના રિસર્ચ ફેલો છે.

'ગુજરાત સમાચાર' દૈનિકમાં 'કોફી હાઉસ' અને 'હૃદયકુંજ' જેવી લોકપ્રિય કોલમો તથા 'સંદેશ' દૈનિકમાં 'સુપ્રભાતમ્', 'સંસાર' અને 'પ્રતિબિંબ' જેવી વિખ્યાત કોલમો તેઓ લખી ચૂક્યા છે.એક વિરાટ વાચકવૃંદની ચાહના તેમને મળી છે. ગુજરતીમાં તેમણે 'અસામાન્ય જ્ઞાન' નામે એન્સાઇક્લોપીડિક ગ્રંથ આપ્યો છે. ઉપરાંત મનોવિજ્ઞાનના ઊંડા અભ્યાસી હોવાને કારણે અર્ધજાગ્રત મનની શક્તિઓ પર આધારિત 'વામલોક' નવલકથા પણપ્રગટ કરી છે. તેમનામાં વિશ્વની બે મહાભાષાઓ સંસ્કૃત અને અંગ્રેજીનો અદ્ભુત સમન્વય જવા મળે છે. તેઓ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સંસ્કૃતનું અધ્યાપન કરી ચૂક્યાછે. યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણ કેન્દ્રમાં તેઓ સંવાહકની જવાબદારી નિભાવી ચૂક્યા છે. હાલ તેઓબી.એડ. અને પી.ટી.સી. કોલેજનાકો-ઓર્ડિનેટરની જવાબદારી નિભાવી રહ્યા છે.

પોતાના આજ સુધીના જીવનકાળ દરમિયાન અનેક સાધુસંતો, સાધકો, રહસ્યમય જ્ઞાનમાર્ગીઓ તથા જિવાતી જિંદગીના ઉચ્ચ સ્તરના ઉપાસકો તથા દેશવિદેશના મોટિવેટર્સ - ટ્રેઇનર્સના સીધા સંપર્કમાં રહ્યા છે.તેઓ પોતે પણ ખૂબ સારા ટ્રેઇનર છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના અમદાવાદ ખાતેના ઇન્ટરનેશનલ સેન્ટર સાથે પણ તેઓ સંકળાયેલા છે. ઇન્ટરનેટની ઘણી વેબસાઇટો પર મનની અગાધ શક્તિઓ પરના તેમના મૌલિક અનુભવપૂર્ણ તથા ચિંતનીય વિચારો પ્રગટ થયેલા છે. પૂર્વ અને પશ્ચિમના દેશોનાં પુસ્તકોનું તેમનું વ્યાપક વાચન પણ તેમની વાણીને દૈદીપ્યમાન બનાવે છે. સ્વભાવે લાગણીશીલ, સ્વાભિમાની, આત્મવિશ્વાસુ અને સાત્ત્વિક હોવા ઉપરાંત તેઓ વિજ્ઞાન અને ટેક્નોલૉજી પરના અનેક લેખો લખી ચૂક્યા છે.

- ડૉ. જિતેન્દ્ર અઢિયા

# અનુક્રમણિકા

આપની યાદ આવે ત્યારે મારી આંખો ભીની થાય છે ..................... ૯

આપને મનોમન વંદન કરતો રહું છું ................................. ૧૦

તમે મને જિંદગીની મીઠાશ માણતા શીખવ્યું હશે...................... ૧૧

હું મારી આસપાસમાં આપને શોધવા લાગુ છું ......................... ૧૨

અમે એ માર્ગે જ આગળ વધીએ છીએ .............................. ૧૩

આપને સતત અમે જોયા છે ........................................ ૧૪

આપ પિતા જ નહીં, મુક્તિદાતા પણ છો ............................ ૧૫

આપ કહેતા હતા કે, જિંદગી તો એક પ્રવાસ છે....................... ૧૬

આપના વિચાર-વાત્સલ્યનું જ પ્રતિબિંબ નિહાળું છું .................... ૧૭

આપનો ચહેરો મને પ્રેરે છે આગળ, વધુ આગળ જવા ................... ૧૮

આપનું સ્મરણ અમારે માટે પ્રેરણાના દીપનું પ્રાગટ્ય છે................. ૧૯

આપના જીવનના પગલે પગલે ચાલવા જતાં.......................... ૨૦

અમે પ્રહ્‌લાદ અને રામ કરતાં વધુ સદ્‌ભાગી છીએ....................... ૨૧

હે પિતાશ્રી આપને તો હું નિત્ય પામું છું ............................. ૨૨

ત્યારે અમે હંમેશા ખોટા પડ્યા છીએ........................................ ૨૩

એ ક્ષણો મને પાછી આપો........................................ ૨૪

હું જિંદગીનો ખરો અર્થ શોધું છું........................................ ૨૫

તમારી સાથેનું અનુસંધાનનું પાનું અમે શોધી કાઢીશું........................................ ૨૬

- અમારા પ્રકાશનો અને ઉત્પાદનો........................................ ૨૭

- પ્રાપ્તિ સ્થાનો........................................ ૨૮

- હોમ ડિલિવરી........................................ ૩૨

આ પુસ્તક ભેટ આપવા માટે જથ્થામાં
ખરીદવું હોય તો હોલસેલ ભાવે અમે આપને
આપના તરફના સંદેશ સાથેનું એક્સ્ટ્રા પેજ
લગાવીને આપીશું.

– ડૉ. જીતેન્દ્ર અઢિયા

# આપની યાદ આવે ત્યારે
# મારી આંખો ભીની થાય છે

આપની યાદ આવે છે ત્યારે
મારી આંખો ભીની થાય છે.
અમે નાના હતા ત્યારે
આપ રચતા હતા વાતોનો મેળો.
થાકીને તમે ઘરે આવો ત્યારે
અમે સહુ ઘેરી વળીએ આપને
અને પછી ધીરે ધીરે જામે ગોષ્ઠિ.
આપના અનુભવની ગઠરિયાઓ એટલે
મોજમજાનો ઉત્સવ.
આપની હૈયાઉકલત એટલે
અનેક સંકટોનું સરળ સમાધાન.
આપત્તિના વિરાટ મહેલો ભડકે બળે
ત્યારે આપ જાણતા હો
ભૂગર્ભમાંથી બહાર જવાનો માર્ગ !
પિતાશ્રી, આપની સાથે
વિતાવેલા બાળપણના એ દિવસો,
એ વાતોનો મેળો યાદ આવે છે
ત્યારે આંખો ભીની થાય છે.

# આપને મનોમન વંદન કરતો રહું છું

કોઈ વાર હે પૂજ્ય પિતાશ્રી
દર્પણમાં આપનાં દર્શન કરું છું.
મારા ચહેરાના અણસારની
પાછળ છુપાયેલું આપનું સ્વરૂપ
એકાદ ક્ષણ
વિજ-ઝબકારની જેમ પામી લઉં છું.
પડછાયાની જેમ આપ મારી સાથે હો
એવો આનંદ મનોમન માણી લઉં છું.
જાણે કે એક જ સિક્કાની
બે બાજુઓ પર
આપણી હોય સહઉપસ્થિતિ.
આપના
આનુવંશિક વૃક્ષની ડાળે
બેસી સમયને
એના નવા રૂપ અને રંગમાં અનુભવીને